સમ્માન કેપિટલ લિમિટેડ
(અગાઉ ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)

સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો

(16 મે, 2025 ના રોજ આયોજિત મીટિંગમાં બોર્ડ દ્વારા સમીક્ષા અને મંજૂર કરવામાં આવેલ છે)

1 પ્રૉડક્ટ

1.1 પ્રસ્તુત પ્રૉડક્ટ અને લોનનો હેતુ

પરત ચુકવણીની ક્ષમતા, કોલેટરલ જામીનગીરી, ભૂતકાળ અને વર્તમાનનો ક્રેડિટ ઇતિહાસ અને જોખમને લગતા અન્ય માપદંડો જેવા કેટલાક પરિબળોના સંયોજનના આધારે લોન મંજૂર કરવામાં આવે છે. મંજૂર કરેલી લોનની રકમ જાણવા માટે કરજદાર/કરજદારોને લોન એગ્રીમેન્ટનો સંદર્ભ લેવાની સલાહ આપવામાં આવે છે.

સમ્માન કેપિટલ લિમિટેડ (અગાઉ ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી) (અહીં હવે પછી "**SCL**" તરીકે ઓળખાશે) દ્વારા આપવામાં આવતી લોનના પ્રકારો નીચે મુજબ છે:

હોમ લોન:
- બાંધકામ/રહેણાંક પ્રોપર્ટીની ખરીદી
- પ્લોટની ખરીદી અને તેના પર ઘરનું બાંધકામ
- કોઇપણ અન્ય બેંક/નાણાંકીય સંસ્થામાંથી પહેલેથી જ મેળવેલ હાઉસિંગ લોનનું બૅલેન્સ ટ્રાન્સફર
- હાલના ઘરમાં સુધારો અથવા વધારો કરવા

પ્રોપર્ટી પર લોન: અહીં ઉપરની હોમ લોનમાં ઉલ્લેખિત હોમ લોન સિવાયના હેતુઓ માટે ઉપયોગ કરવાની પ્રી-ઓન્ડ પ્રોપર્ટી પર લોન. આ કેટેગરી હેઠળ લોન (ગેરકાયદેસર, સામાજિક વિરોધી, મની લૉન્ડરિંગ, સટ્ટાકીય વગેરે સિવાય) બિઝનેસ વિસ્તરણ, એસેટ એક્વિઝિશન, વ્યક્તિગત/પરિવારની જરૂરિયાત, મુસાફરી, તબીબી સારવાર વગેરે જેવા હેતુઓ માટે મંજૂર કરી શકાય છે.

બિન-નિવાસી પરિસર: સમ્માન ઑફિસ/બિઝનેસ પ્રોપર્ટી પ્રાપ્ત કરવા માટે નાણાંકીય સહાય ઑફર કરે છે અને બિઝનેસ અથવા વ્યક્તિગત જરૂરિયાતો માટે બિન-નિવાસી પરિસર પર પણ લોનની મંજૂરી આપે છે.

બાંધકામ માટે ફાઇનાન્સ: ડેવલપરને રહેણાંક પ્રોજેક્ટના નિર્માણ / વિકાસ માટે આપવામાં આવતી લોન.

મહત્તમ લોન (લોનનું મૂલ્ય): -

હોમ લોન: ₹30 લાખ સુધીની હોમ લોન માટે પ્રોપર્ટીના મૂલ્યના મહત્તમ 90%. આ હોમ લોન માટે મહત્તમ 80% સુધી પ્રતિબંધિત છે જે ₹30 લાખથી વધુ અને ₹75 લાખ સુધી અને મહત્તમ ₹75 લાખથી વધુની લોન માટે 75% છે.

LAP/NRP: આ સ્કીમ હેઠળ, પ્રોપર્ટીની પ્રકૃતિ, પ્રકાર અને પ્રોપર્ટીની સ્થિતિના આધારે પ્રસ્તાવ હેઠળ પ્રોપર્ટીના મૂલ્યના મહત્તમ 70% સુધીની લોન મંજૂર કરવામાં આવશે.

બાંધકામ માટે ફાઇનાન્સ: મુખ્ય કોલેટરલના મહત્તમ 50%.

1.2 વ્યાજ દર

સમ્માન કેપિટલ લિમિટેડ (અગાઉ ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી) ("**SCL**") એક નૉન-બેન્કિંગ ફાઇનાન્સ કંપની છે જે તેના ગ્રાહકોને ફ્લોટિંગ વ્યાજ દર અથવા ડ્યુઅલ વ્યાજ દર પર લોન પ્રદાન કરે છે (એટલે કે.ફિક્સ્ડ અને ફ્લોટિંગ). લોનના પ્રથમ વિતરણની તારીખ મુજબ પ્રવર્તમાન બેંચમાર્ક દર સાથે લોન પર લાગુ વ્યાજનો ફ્લોટિંગ દર લિંક કરવામાં આવે છે. જો કે, કૃપા કરીને નોંધ કરો કે, કોઇપણ લોન પર લાગુ વ્યાજનો દર SCL ની સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર અને સુધારાને આધિન છે અને આવા સુધારા બેંચમાર્ક દર અથવા લોન સ્પ્રેડ અથવા બંનેમાં થતા કોઇપણ ફેરફારના કારણે હોઇ શકે છે. બેન્ચમાર્ક દર(રો) સમયાંતરે, વિવિધ પરિબળો પર આધાર રાખીને ફેરફાર/સુધારણા/સંશોધન/પરિવર્તનને આધીન છે, જેમાં ફંડનો ખર્ચ, વ્યાજ દરનો અંદાજ, લિક્વિડીટી, સંચાલન/વહીવટી ખર્ચ, બજારની સ્થિતિ/અસ્થિરતા, પ્રતિસ્પર્ધી સમીક્ષા, જેમ કે ALCO સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે છે, વગેરેનો સમાવેશ થાય છે પરંતુ તેના સુધી મર્યાદિત નથી. SCL સ્પ્રેડ બેઝ ગુણાત્મક મૂલ્યાંકન, બિઝનેસ આવશ્યકતાઓ અથવા કોઈપણ બાહ્ય અથવા આંતરિક પરિબળોમાં ફેરફાર/સુધારો/બદલો (વધારો અથવા ઘટાડો) કરી શકે છે, જેમાં સુરક્ષા કવરમાં ફેરફાર, કોઈપણ મહત્વપૂર્ણ પ્રતિકૂળ ઘટનાઓ, કરજદાર(રો) અને/અથવા સહ-કરજદાર(રો) ના બ્યુરો સ્કોર અને જોખમ શ્રેણીમાં ફેરફાર, કરજદાર(રો)ના જોખમ પ્રોફાઇલમાં ફેરફાર, કરજદાર(રો) ના રોજગાર, બિઝનેસ અથવા વ્યવસાયમાં મહત્વપૂર્ણ ફેરફાર, ધિરાણ કામગીરીમાં ઘટાડો, લોન મેળવતી વખતે કરજદાર દ્વારા આપવામાં આવેલી ઘોષણાના વિરોધાભાસમાં ફંડના અંતિમ ઉપયોગમાં ફેરફાર, કોલેટરલનું કન્સ્ટ્રક્શન પૂર્ણ ન થવું, કરજદાર(રો) ના શેરહોલ્ડિંગ પેટર્નમાં ફેરફાર, શેર મૂડી, નફા-વહેંચણી અને/અથવા મેનેજમેન્ટ/નિયંત્રણ/માલિકી/ભાગીદાર(રો)/માલિક(કો) માં ફેરફાર, દંડ/કાનૂની અસરો/સંબંધિત અધિકારીઓ દ્વારા શરૂ કરાયેલ પ્રતિકૂળ કાર્યવાહી/પેન્ડિંગ મુકદ્દમા અથવા ટૅક્સ ચુકવણીમાં ડિફોલ્ટ, કોઈપણ પ્રકારના દંડ વસૂલવામાં પરિણમતા સંજોગો પણ વધતા જોખમનું સૂચક હશે, બિઝનેસ, વેપાર અથવા ઉદ્યોગ અથવા ચોક્કસ પ્રદેશ/સ્થાન અથવા અનિયમિત ચુકવણી અને ગુનાખોરીનો કોઈપણ સમૂહ સ્તરનું વલણ, પૂરી પાડવામાં આવેલી જામીનગીરીના મૂલ્યનું અવમૂલ્યન, SCL ના પક્ષમાં જામીનગીરી બનાવવામાં/સંપૂર્ણ કરવામાં નિષ્ફળતા (જામીનગીરી નિર્માણ માટે જરૂરી ઔપચારિકતાઓનો અમલ ન કરવો/પૂર્ણ ન કરવો સહિત), લોન દસ્તાવેજો અથવા લાગુ કાયદાઓના ભંગમાં જામીનગીરી તરીકે ઓફર કરવામાં આવતી અચલ પ્રોપર્ટીની પ્રકૃતિ અથવા ઉપયોગ, આંતરિક નીતિઓમાં ફેરફાર, નાણાં બજારની પરિસ્થિતિઓ/આર્થિક ચક્રમાં કોઈપણ અણધાર્યા ફેરફારો અથવા ઉપરોક્ત સંજોગો જેવી કોઈપણ ઘટના, જે ક્રેડિટ અને/અથવા વ્યવસાયિક જોખમમાં વધારો કરી શકે છે તેનો સમાવેશ થાય છે. સ્પ્રેડમાં આવો સુધારો દરેક ઘટના દીઠ 250 બેસિસ પોઇન્ટ સુધી મર્યાદિત રહેશે. પરિણામે, બેંચમાર્ક દર અને/અથવા સ્પ્રેડમાં કોઈપણ ફેરફારની સમાન માસિક હપ્તાની રકમ અને/અથવા લોનની મુદત અથવા બંને પર અસર થઈ શકે છે. લાગુ વ્યાજ દરમાં કોઈપણ ફેરફાર/સુધારાને ઇમેઇલ દ્વારા અથવા SCL ની વેબસાઇટ પર અથવા SCL દ્વારા યોગ્ય માનવામાં આવેલ કોઈપણ અન્ય રીતે અપડેટ કરીને કરજદારોને સૂચિત કરવામાં આવશે. સુધારેલ વ્યાજ દર કરજદારે માન્ય રાખવાના રહેશે અને SCL દ્વારા નિર્દિષ્ટ કરેલી તારીખથી લાગુ થવાપાત્ર રહેશે. તે અનુસાર, નોંધ લેવી મહત્વપૂર્ણ છે કે નીચેનામાંથી તમામ અથવા કોઈપણ પરિણામ તરીકે પણ અસર કરી શકાય છે:

- લાગુ વ્યાજ દરમાં વધારો થવાના કિસ્સામાં, લોનની બૅલેન્સ મુદત 10 વર્ષ સુધી વધારી શકાય છે, જો કે લોનની મેચ્યોરિટી સમયે સૌથી યુવા કરજદારની ઉંમર 85 વર્ષ (અથવા સમયાંતરે SCL દ્વારા નક્કી કરવામાં આવેલ વર્ષ) કરતા વધુ ન હોવી જોઈએ.

- વધુમાં, જો લાગુ વ્યાજ દરમાં વધારાની અસર માત્ર લોનની મુદત અથવા સમાન માસિક હપ્તાની રકમના વિસ્તરણ દ્વારા જ ન થાય તો સમાન માસિક હપ્તાની રકમ અને લોનની મુદતને એકસાથે સુધારી શકાય છે.

આવી ઘટનામાં, અરજદાર(રો) પાસે (i) ઇએમઆઇની રકમમાં વધારો અથવા સમયગાળાનું વિસ્તરણ અથવા બંને વિકલ્પોનું સંયોજન પસંદ કરવાનો વિકલ્પ રહેશે; અને/અથવા (ii) આંશિક અથવા સંપૂર્ણપણે પૂર્વચુકવણી કરવી. નિર્દિષ્ટ સમયગાળાની અંદર અરજદાર(રો) પાસેથી કોઇપણ પ્રતિસાદ પ્રાપ્ત ન થવાના કિસ્સામાં, સમ્માન તેના વિવેકાધિકારથી, EMI રકમ અને/અથવા લોનની મુદત અથવા બંને પર ROI માં ફેરફારની અસરને લાગુ કરી શકે છે.

જો કરજદાર પુનઃચુકવણીની શરતોને પુનઃનિર્ધારિત કરવા માંગે છે, તો તેમની પાત્રતા અને પુનઃચુકવણીની ક્ષમતાને આધિન કરજદારો SCL સાથે વિનંતી સબમિટ કરવી અને જરૂરી દસ્તાવેજીકરણ પૂર્ણ કરવી જરૂરી છે અને આવી લોન સુવિધા લાગુ કાયદાઓને અનુરૂપ એસસીએલ દ્વારા નિર્ધારિત શરતોને આધિન પુનઃનિર્ધારિત કરી શકાય છે.

SCL, કરજદારોની વિનંતી પર અથવા જરૂર મુજબ, લોનની મુદત દરમિયાન પ્રસારને સુધારવાનો વિકલ્પ પ્રદાન કરી શકે છે. આવા કિસ્સામાં, કરજદાર લોન સામે સુધારવામાં આવેલ સ્પ્રેડ/ સ્વિચ સુવિધાનો લાભ લઈ શકે છે, જે જરૂરી ચકાસણી બાદ અને ફીની ચુકવણી અને SCL ને જરૂરી વધારાના ડૉક્યુમેન્ટ્સ (SCL દ્વારા જણાવવામાં આવેલ ફોર્મેટમાં) બન્યા બાદ અસરકાર બનશે. કરજદારોની જવાબદારી સમયાંતરે સ્પ્રેડ અને બેંચમાર્ક દર(રો)ની સ્વિચ સુવિધા/સુધારણા વિશેની જાણકારીથી અવગત રહેવાની રહેશે. કૃપા કરીને નોંધ કરો કે લોન સામે ફેલાયેલા સ્પ્રેડને ઘટાડવા/સુધારવા માટે વિકલ્પ/સ્વિચ સુવિધા પ્રદાન કરવાનો એકમાત્ર સંપૂર્ણ હક SCL પાસે રહેશે અને આ રીતે, SCL કોઇપણ સમયે તેને નકારવા/ઉપાડવા/રદ કરવાનો અધિકાર અનામત રાખે છે.

રિસેટ તારીખ તે મહિના પછીના મહિનાના 1લા દિવસથી અમલમાં આવશે જેમાં SCL સંદર્ભ/બેન્ચમાર્ક દર(રો) બદલાયા છે. લોનની પ્રકૃતિ અને હેતુના આધારે SCL ના બેંચમાર્ક દર સાથે SCL ના વ્યાજ દરો લિંક કરવામાં આવે છે.

વ્યાજ દરો (લાગુ પડે તે મુજબ):

પ્રૉડક્ટ	વ્યાજ દરો
હોમ લોન	8.75% થી શરૂ
પ્રોપર્ટી પર લોન/ બિન-નિવાસી ખરીદી	9.75% થી શરૂ

1.3 પાત્રતાના મૂળભૂત માપદંડ

- લોન મેચ્યોરિટી સમયે કરજદારની ઉંમર 75 વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- કરજદાર પાસે, નિષ્ફળ થયા વિના લાગુ પડતા અન્ય શુલ્ક સહિત સમાન માસિક હપ્તાઓ (EMI) ની ચુકવણી કરવા માટેની કમાણી/નાણાંકીય ક્ષમતા હોવી જોઈએ.
- મૉર્ગેજ પ્રોપર્ટી સંપૂર્ણપણે ચોખ્ખી અને માર્કેટેબલ હોવી જોઈએ, કોઈપણ બોજાથી મુક્ત હોવી જોઈએ તથા SARFAESI અધિનિયમ હેઠળની કલમોનું પાલન કરતી હોવી જોઈએ.

1.4 લોનની મુદત

હાલમાં, ગ્રાહકને આ મહત્તમ સમયગાળા માટે લોન ઑફર કરવામાં આવે છે:

- હોમ લોન માટે 30 વર્ષ સુધીની મુદત,
- LAP/NRP માટે 15 વર્ષ સુધીની મુદત

જો કે, અહીં ઉપર ઉલ્લેખિત લોનની મુદત અરજદારોની ઉંમરને આધીન છે, જે સ્વીકાર્ય ક્રેડિટ નિયમોની અંદર રહેશે અને વધુમાં, તે ગ્રાહકની રિસ્ક પ્રોફાઇલ અને પ્રોપર્ટી કેટલી જૂની છે વગેરે પર પણ આધારિત રહેશે.

1.5 ફી અને અન્ય શુલ્ક

વિગતો	દરો/રકમ

પ્રોસેસિંગ ફી	HL - લોનની રકમના 0.50% થી શરૂ LAP - લોનની રકમના 1.25% થી શરૂ
બેલેન્સ ટ્રાન્સફર/રિસેલ હોમ લોનમાં ટ્રાન્ઝેક્શન હેન્ડલિંગ શુલ્ક	₹1500/-
કાનૂની અભિપ્રાય, SRO શોધ, ROC શોધ અને તકનીકી મૂલ્યાંકન ફી	₹2500/-
પુનઃચુકવણી અનાદર શુલ્ક / NACH પરત જવો/ EMI ની ચુકવણી ન થવી	₹500 (HL) અને ₹750 (LAP)
દંડાત્મક શુલ્ક	• **ચુકવણી ડિફૉલ્ટના કિસ્સામાં - 24% (ચોવીસ ટકા)** વાર્ષિક, EMI/ પ્રી-EMI ની બાકી રકમ પર • **અન્ય ડિફૉલ્ટ/ડિફૉલ્ટની ઘટનાના કિસ્સામાં - 2% (બે ટકા)** વાર્ષિક લોનની બાકી રકમ પર.
એકાઉન્ટના ફિઝિકલ સ્ટેટમેન્ટ માટે શુલ્ક/ એમોર્ટાઇઝેશન શેડ્યૂલ	₹200/-

પ્રોપર્ટી સ્વૅપ શુલ્ક (સ્વૉપિંગ IHFL ના વિવેકાધિકાર SCL)	₹10000/-
પે-ઑર્ડર ફરીથી જારી કરવા/વિતરણ ચેકની પુનઃ ચકાસણી માટેના શુલ્ક	₹500/-
ફોરક્લોઝર સ્ટેટમેન્ટ શુલ્ક	₹500/- (શૂન્ય, જો ત્રિમાસિકમાં એકવાર વિનંતી કરવામાં આવે છે)
દસ્તાવેજની યાદી	₹1000/- (શૂન્ય, જો 1લા ડિસ્બર્સમેન્ટના પ્રારંભિક 6 મહિનાની અંદર વિનંતી કરવામાં આવે છે)
પ્રોપર્ટી દસ્તાવેજ એકત્રિત ન કરવા બદલ શુલ્ક લોનની સંપૂર્ણ ચુકવણી/સેટલમેન્ટની તારીખથી 30 દિવસ પછી	દર મહિને ₹500/- અથવા તેનો ભાગ
SCL પાસે રહેલ લોન/પ્રોપર્ટીના દસ્તાવેજની નકલો માટે પુનઃપ્રાપ્તિ શુલ્ક	₹750/-
SRO તરફથી ટાઇટલ ડીડની પ્રમાણિત કૉપી માટે ફી, જો લાગુ પડે તો	પ્રવર્તમાન મુજબ
લોન એગ્રીમેન્ટના સ્ટેમ્પિંગ શુલ્ક	વાસ્તવિક મુજબ, કરજદાર દ્વારા વહન કરવામાં આવશે, રાજ્યના કાયદાને આધિન
ક્ષતિપૂર્તિ બોન્ડ, કાનૂની બાંયધરી, કાનૂની એફિડેવિટ, પર્સનલ ગેરંટી બોન્ડ, NRI હોમ લોન માટે પાવર ઑફ એટર્ની વગેરે જેવા અન્ય કાનૂની દસ્તાવેજો પર સ્ટેમ્પિંગ શુલ્ક.	પ્રવર્તમાન મુજબ, રાજ્યના કાયદાઓને આધીન, કરજદાર દ્વારા વહન કરવામાં આવશે
SRO અથવા ડેવલપમેન્ટ ઑથોરિટી ખાતે પ્રૉડક્ટશન જેવી ચોક્કસ પ્રવૃત્તિ માટે પ્રોપર્ટીના અસલ દસ્તાવેજોની પુનઃપ્રાપ્તિ (કરજદારની વિનંતી પર)	₹5,000/-
ડેટાબેઝ ઍડ્મિનિસ્ટ્રેશન ફી (લાગુ ટૅક્સ સહિત)	₹650/-
પરત ચુકવણીની પદ્ધતિ/એકાઉન્ટ સ્વૉપિંગ શુલ્ક	₹500/-
કરજદારના ECS મેન્ડેટ (લોન પરત ચુકવણી) માટે રજિસ્ટ્રેશન શુલ્ક	શૂન્ય
હોમ લોનમાં ઇન્કમ ટૅક્સ સર્ટિફિકેટ	શૂન્ય
ફરિયાદ હેન્ડલિંગ શુલ્ક	શૂન્ય
ROI સ્વિચ ફી	હાલના અને સુધારેલા દર વચ્ચેના તફાવતના 25% થી શરૂ
તમામ લાગુ ફી અને શુલ્ક, GST સહિતના લાગુ ટૅક્સની વસૂલાતને આધિન છે, જે જો ચૂકવવાપાત્ર હોય તો, ફી/શુલ્ક ઉપરાંત ચૂકવવાના રહેશે.	

* કંપનીની વેબસાઇટ પર પ્રકાશિત દરો મુજબ તમામ ફી અને શુલ્ક ચૂકવવાપાત્ર છે.

2 લોન માટે જામીનગીરી/કોલેટરલ

કરજદાર અચલ પ્રોપર્ટી (લોન દસ્તાવેજોમાં નિર્દિષ્ટ કર્યા મુજબ) પર ટાઇટલ ડીડ (MOE) અથવા મૉર્ગેજ ડીડ અથવા રજિસ્ટર્ડ MOE જમા કરાવવા માટે મેમોરેન્ડમ ઑફ એન્ટ્રીના અમલ દ્વારા SCL ની તરફેણમાં ટાઇટલ ફ્લો/ટ્રાન્ઝૅક્શનના પ્રકારના આધારે જામીનગીરી બનાવવા/પ્રીફેક્ટ કરવા માટે અને લાગુ પડતા સ્થાનિક કાયદાઓના અનુપાલન માટે જવાબદાર રહેશે. વધુમાં, ટાઇટલ દસ્તાવેજોની જમા કરવા માટે પ્રોપર્ટીના માલિકો પાસેથી ઘોષણા/ઉપયોગ પણ scl ની તરફેણમાં, તેના સંતોષ સુધી અમલમાં મૂકવા જોઈએ. ગાઇડલાઇન મુજબ, SCL ની તરફેણમાં અચલ પ્રોપર્ટી પર બનાવેલ જામીનગીરીને CERSAI માં રજિસ્ટર્ડ કરેલી હોવી જોઈએ.

SAMMAAN CAPITAL

3 પ્રોપર્ટી/કરજદારોનો ઇન્શ્યોરન્સ

વધુમાં, SCL તે ગ્રાહકોને સેવાઓ આપવાની વ્યવસ્થા કરે છે/સુવિધા આપે છે જેઓ કેટલાક ચોક્કસ ઇન્શ્યોરર પાસેથી લાઇફ અને નૉન-લાઇફ ઇન્શ્યોરન્સ કવર મેળવવામાં રુચિ ધરાવે છે. ઇન્શ્યોરન્સ એ વિનંતીનો વિષય છે અને તેથી, કરજદારો માટે SCL દ્વારા આ ઇન્શ્યોરન્સ કવરનો લાભ લેવા માટે વૈકલ્પિક છે, જો કે, કરજદારોને લોન દસ્તાવેજોની જોગવાઇઓ મુજબ ઇન્શ્યોરન્સ કવર જાળવવા માટે જવાબદાર છે. કરજદાર/રો કોઇપણ સમયે લોનની બાકી રહેલી મુદત દરમિયાન તેની લાઇફ ઇન્શ્યોર્ડ રકમ બાકી લોનની રકમ જેટલી જ રાખી શકે છે અને ઉપરોક્ત પૉલિસી/ઓમાં SCL ને એકમાત્ર લાભાર્થી તરીકે રાખી શકે છે.

4 લોનના વિતરણ માટેની શરતો

લોનના વિતરણની પદ્ધતિ એકસામટી રકમમાં અથવા યોગ્ય હપ્તાઓમાં વિતરિત કરવામાં આવશે, જે SCL દ્વારા ધિરાણની જરૂરિયાતો/નિર્માણની પ્રગતિ/ફાઇનાન્સ કરવામાં આવી રહેલ સોદાના પ્રકારને ધ્યાનમાં લઇને કરવામાં આવશે.

તમામ વિતરણ રકમની ચુકવણીઓ SCL દ્વારા (માત્ર યોગ્ય રીતે ક્રૉસ કરેલ અને 'એકાઉન્ટ પેયી ઓનલી' માર્ક કરેલ) ચેક દ્વારા જ કરવામાં આવશે.

લોનની સુવિધાને વિતરણ પહેલાં અથવા જરૂર પડે ત્યારે લોનને ચાલુ રાખતી વખતે કાનૂની, તકનીકી અને નાણાંકીય શરતો પર પુનઃ મૂલ્યાંકન કરી શકાય છે અને જો કોઈ પરિણામ એવા મળે કે જે માટે SCL ના હિતમાં આવું કરવું જરૂરી બને તો SCL લોનની સુવિધાને રોકી શકે છે, સસ્પેન્ડ કરી શકે છે, ઓછી કરી શકે છે, રદ કરી શકે છે અથવા તેને રિકોલ કરી શકે છે.

SCL તેના મંજૂરી પત્ર અને લોન એગ્રીમેન્ટમાં ઉલ્લેખિત શરતોનું જ્યાં સુધી SCL ની સંતુષ્ટિ અને સંપૂર્ણ વિવેકાધિકાર અનુસાર પાલન કરવામાં ન આવે ત્યાં સુધી કરજદાર/રોને કોઈપણ લોનનું વિતરણ કરશે નહીં. કેટલીક શરતો નીચે આપેલ છે:

- કરજદારે SCL ની ક્રેડિટ યોગ્યતાની જરૂરિયાતને પૂર્ણ કરવી આવશ્યક છે.
- લોન એગ્રીમેન્ટ અને આવા અન્ય આનુષંગિક દસ્તાવેજોનો અમલ
- હપ્તાઓની પરત ચુકવણી માટે NACH અથવા તે સમયે પ્રભાવી હોય તેવી અન્ય કોઈપણ ક્લિયરિંગ સિસ્ટમ માટે વિગતો સબમિટ કરવી
- SCL ના પક્ષમાં જામીનગીરી કરવી.
- વિતરણનો ઉપયોગ નિર્દિષ્ટ અંતિમ ઉપયોગ મુજબ હોવો જોઈએ
- કરજદારે પોતાના લોન પ્રસ્તાવ પર અસર કરતી દરેક મહત્વની બાબતો જાહેર કરવી આવશ્યક છે.

5 લોનની પરત ચુકવણી અને વ્યાજ

લોનની પરત ચુકવણી લોન દસ્તાવેજના નિયમો અને શરતો અનુસાર મુદલ અને/અથવા વ્યાજ સહિતના હપ્તાઓ અથવા સમાન માસિક હપ્તાઓ અથવા પૂર્વ-સમાન માસિક હપ્તાઓ દ્વારા કરવામાં આવશે. લાગુ કાયદાઓની જોગવાઇઓને આધીન, કરજદાર NACH (નાચ) અથવા SCL દ્વારા સમયાંતરે નિર્દિષ્ટ કરવામાં આવેલ અન્ય કોઇપણ પદ્ધતિ દ્વારા લોન/કરજદારના બાકી લેણાંની ચુકવણી/ પરત ચુકવણી કરશે. લોનના સંબંધમાં કરજદારની જવાબદારી તમામ ચૂકવવાપાત્ર બાકી લોનની રકમ (વ્યાજ, ડિફૉલ્ટ વ્યાજ, પૂર્વ ચુકવણી શુલ્ક, લાગત અને ખર્ચ સહિત)ની ચુકવણી/ભરપાઇ કર્યા બાદ અને લોન એકાઉન્ટમાં ચૂકવવાપાત્ર બાકી રકમ શૂન્ય થયા બાદ અને તેની SCL દ્વારા લેખિતમાં પુષ્ટિ થયા બાદ જ સમાપ્ત થશે.

6 **ચડત રકમની વસૂલાત**

લોન એગ્રીમેન્ટની સંમત શરતો અનુસાર વસૂલવામાં આવતી તમામ ચૂકવવાપાત્ર રકમ/શુલ્ક/ફી સહિત લાગુ વ્યાજ સાથે લોનની રકમની ચુકવણી કરવી કરજદારની ફરજ છે. જો કે, ઉપરોક્તમાંથી કોઈપણની પરત ચુકવણીમાં ડિફૉલ્ટની સ્થિતિમાં, કંપની કાનૂની અને અનુમતિપાત્ર માધ્યમોનો આશરો લઈને બાકી રકમની વસૂલાત કરવાનો અધિકાર અનામત રાખે છે.

કરજદારને તેમના લોન એકાઉન્ટ પરની બાકી રકમની ચુકવણી માટે ડિફૉલ્ટ થવાના કિસ્સામાં સમયાંતરે ટેલિફોન, ઇમેઇલ, કુરિયર, SMS અને/અથવા કલેક્શનના હેતુઓ માટે રિમાઇન્ડ કરાવવા, ફોલો-અપ લેવા, અને ચુકવવાપાત્ર રકમ મેળવવા માટે નિમણૂક કરેલ થર્ડ પાર્ટી દ્વારા રિમાઇન્ડર મોકલવામાં આવશે. કલેક્શનની પદ્ધતિમાં વ્યાપકપણે નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

- ટેલિ-કૉલિંગ: તેમાં ફોન પર કરજદારનો સંપર્ક કરવાનો અને તેમને ચૂકી ગયેલ નિયત તારીખ વિશે જાણ કરવાનો તેમજ બાકીની રકમ વહેલી તકે ચૂકવવાની વિનંતી કરવાનો સમાવેશ થાય છે.
- ફીલ્ડ કલેક્શન: તેમાં કરજદારને મળવું અને ચૂકવવાપાત્ર બાકી રકમની ચુકવણી એકત્રિત કરવી શામેલ છે. આ પ્રવૃત્તિ SCL ના કર્મચારીઓ અથવા અધિકૃત પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવશે. ચુકવણી કૅશમાં અથવા માન્ય રસીદ સામે ચેક/DD ના રૂપમાં એકત્રિત કરવામાં આવશે જે ફક્ત કરજદારને જારી કરવામાં આવશે.
- SCL ની નીતિ મુજબ અને લાગુ કાયદાની જોગવાઈને અનુસરતા, દરેક કસૂરવાર એકાઉન્ટની પરિસ્થિતિઓના આધારે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. SCL ફિલ્ડમાં મુલાકાત, લેખિત કમ્યુનિકેશન અને કાનૂની કાર્યવાહીના વિવેકપૂર્ણ મિશ્રણનો ઉપયોગ કરશે, જેથી ખામીયુક્ત એકાઉન્ટની વિવિધ કેટેગરી માટે યોગ્ય અને અસરકારક કવરેજ સુનિશ્ચિત કરી શકાય.

7 **વાર્ષિક બાકી બૅલેન્સનું સ્ટેટમેન્ટ:** SCL દરેક દરેક નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં તમામ હોમ લોન લેનારને પાછલા નાણાંકીય વર્ષ માટે વાર્ષિક આવકવેરા સર્ટિફિકેટ સાથે વાર્ષિક બાકી બૅલેન્સ સ્ટેટમેન્ટ જારી કરવામાં આવશે.

8 **પૂર્વ ચુકવણી**

સમ્માન હોમ લોનના ફોરક્લોઝર પર,વ્યક્તિગત હોમ લોન કરજદાર પાસેથી ફ્લોટિંગ વ્યાજ દર હેઠળ કોઇપણ પૂર્વ-ચુકવણી શુલ્ક લેતું નથી. લોનની કોઈપણ પૂર્વ-ચુકવણી SCL ની નીતિ અને નિયમો અનુસાર અને વૈધાનિક માર્ગદર્શિકા અનુસાર સમયાંતરે જારી કરવામાં આવશે અને તે પૂર્વ-ચુકવણી સમયે અને લોનના પ્રકાર અનુસાર લાગુ પડશે. વધુ વિગતો માટે, કૃપા કરીને સમ્માનની આ વેબસાઇટ પર પ્રદાન કરેલ પૂર્વ-ચુકવણી લિંક જુઓ: https://www.sammaancapital.com/home-loan-prepayment-charges

9 વિવિધ

- દસ્તાવેજો પરત કરવા અને નો ડ્યૂ સર્ટિફિકેટ (NDC) જારી કરવું:

  એકવાર લોન એકાઉન્ટ સંપૂર્ણપણે ચુકવણી અને બંધ થયા પછી, કરજદાર NDC મેળવવા માટે હકદાર છે. સંપત્તિના દસ્તાવેજો/સુરક્ષા દસ્તાવેજો તેમજ ગેરંટર/ઓ દ્વારા રજૂ કરેલા દસ્તાવેજો સંપૂર્ણ અને અંતિમ ચુકવણી પછી સમ્માનની સંપૂર્ણ સંતુષ્ટિ માટે 30 દિવસની અંદર જારી કરવામાં આવશે. કરજદાર(રો) એ શાખામાંથી કે જ્યાં લોન એકાઉન્ટ હતું તે શાખા અથવા જ્યાં દસ્તાવેજો ઉપલબ્ધ હોય તેવી કોઈ અન્ય સમ્માનની શાખામાંથી અસલ પ્રોપર્ટી દસ્તાવેજો એકત્રિત કરી શકે છે. સમ્માન શાખાઓની સૂચિ સમ્માનની વેબસાઇટની આ લિંક પરથી મેળવી કરી શકાય છે - https://www.sammaancapital.com/locate-us.

- એકાઉન્ટ સ્ટેટમેન્ટ:

  કરજદાર તેમના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર દ્વારા 8929899391 પર "Hi/ Hello" મોકલીને ઑનલાઇન લૉગ ઇન અથવા વૉટ્સએપ દ્વારા તેમના લોન એકાઉન્ટની વિગતોને ઍક્સેસ કરી શકે છે.

  નજીકની SCL શાખામાંથી વિનંતી પર પણ એકાઉન્ટ સ્ટેટમેન્ટની કૉપી મેળવી શકાય છે.

- કરજદારો અને ગેરંટર્સની જવાબદારી સંયુક્ત અને વ્યક્તિગત હોય છે:

  જો લોન એકથી વધુ કરજદારને પ્રદાન કરવામાં આવે, તો વ્યાજ અને અન્ય તમામ રકમ સાથે લોનની ભેગા મળીને ચુકવણી કરવાની કરજદારો (ગેરન્ટર સહિત) ની જવાબદારી અને એગ્રીમેન્ટના નિયમો અને શરતો/અને લોનના સંબંધમાં કરજદાર અને SCL વચ્ચે કરેલા કોઈપણ અન્ય એગ્રીમેન્ટ, દસ્તાવેજ (દસ્તાવેજો) સંયુક્ત અને સ્વતંત્ર હશે.

- ક્રેડિટ માહિતી બ્યુરો:

  SCL કોઇપણ ક્રેડિટ માહિતી બ્યુરોમાંથી પૂછપરછ કરવા અને ક્રેડિટ માહિતી રિપોર્ટ મેળવવા માટે અધિકૃત છે અને સમયાંતરે લોન સંબંધિત કોઇપણ માહિતી કરજદારને કોઇપણ ચોક્કસ સૂચના આપ્યા વિના ભારત સરકાર અથવા ભારતીય રિઝર્વ બેંક દ્વારા મંજૂર કોઇપણ ક્રેડિટ બ્યુરોને જાહેર કરવા માટે પણ અધિકૃત છે.

- પ્રોપર્ટીનું નિરીક્ષણ કરવાનો અધિકાર:

  SCL અથવા તેના અધિકૃત વ્યક્તિના કોઇપણ વ્યક્તિ પાસે બાંધકામની સ્થિતિ અથવા બાંધકામની પ્રગતિનું નિરીક્ષણ કરવાના હેતુથી પ્રોપર્ટીમાં પ્રવેશવાનો અને લોનના યોગ્ય ઉપયોગને સુનિશ્ચિત કરવા માટે બાંધકામના એકાઉન્ટને તપાસવાનો મુક્ત અધિકાર હશે.

- મંજૂરીની માન્યતા:

  મંજૂરી પત્ર જારી કર્યાની તારીખથી મહત્તમ 30 દિવસના સમયગાળા માટે આ મંજૂરી કરજદારને ઉપલબ્ધ રહેશે. ઉપરોક્ત સમયગાળા દરમિયાન, લોન સુવિધા માંગ અનુસાર ઉપલબ્ધ રહેશે.

10 ગ્રાહક સેવા

દરેક શાખામાં, એક અલગ ગ્રાહક સહાયતા કેન્દ્ર - "શું હું તમને મદદ કરી શકું" બનાવવામાં આવ્યું છે અને ગ્રાહકો હેલ્પડેસ્ક સ્ટાફ પાસેથી ત્વરિત માર્ગદર્શન મેળવી શકે છે. આ ઉપરાંત, નીચેના ગ્રાહક અનુકૂળ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

- નિયમનકારી ઑથોરિટીની માર્ગદર્શિકા મુજબ નોટિસ બોર્ડ પર ગ્રાહક સેવાઓ, લોન પ્રૉડક્ટ, FPC, KYC અંગેની માર્ગદર્શિકા, ફી અને શુલ્ક વગેરે સંબંધિત તમામ મહત્વપૂર્ણ બાબતોને પ્રદર્શિત કરવામાં આવશે.
- ગ્રાહક અમારી સેવાઓ અને પ્રૉડક્ટ વિશેની બધી માહિતી સમર્પિત ટોલ ફ્રી ટેલિફોન નંબર: 1800-572-7777 પરથી સોમવારથી શુક્રવાર (જાહેર રજાઓ સિવાય) સુધી 9:30 am – 6 pm વચ્ચે મેળવી શકે છે.
- અમારા પ્રૉડક્ટની વિગતવાર માહિતી વર્ણવતા પેમ્ફલેટ/પ્રિન્ટ કરેલી સામગ્રી તમામ શાખાઓ પર ઉપલબ્ધ છે.
- નોટિસ બોર્ડ, શાખાના પરિસરમાં બહારની બાજુએ મૂકવામાં આવે છે અને તેમાં કાર્યકારી કલાકો, બંધ થવાના દિવસો, શાખા પ્રમુખોની સંપર્ક વિગતો વગેરેનો ઉલ્લેખ કરવામાં આવે છે.
- કંપની પાસે સારી રીતે વિકસિત વેબસાઇટ છે, જેમાં, ડાઉનલોડ કરવા માટેની તમામ સંબંધિત માહિતી, કૉપી/ફોર્મેટ/દસ્તાવેજ, ગમે ત્યારે ગમે તે દિવસે (24x7) માઉસથી ક્લિક કરીને મેળવી શકાય છે.
- કરજદાર સોમવારથી શુક્રવાર 10:00 PM થી 6:00 PM ની વચ્ચે, શનિવારે 10:00 AM થી 4:00 PM છે (2જા અને 3જા શનિવાર અને જાહેર રજાઓ સિવાય) મુલાકાતના સમયે સેવા શાખાની મુલાકાત લઈ શકે છે.

  કરજદાર આ વેબસાઇટ લિંક દ્વારા અમારી ગ્રાહક સેવાનો પણ સંપર્ક કરી

  શકે છે:- https://www.sammaancapital.com/customer-support
- સામાન્ય વિનંતી સેવાની સૂચક સમયસીમા:
  - લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ – વિનંતીની તારીખથી 7 કાર્યકારી દિવસમાં
  - ટાઇટલ દસ્તાવેજોની ફોટોકૉપી – વિનંતીની તારીખથી 7 કાર્યકારી દિવસમાં
  - ફોરક્લોઝર સ્ટેટમેન્ટ - વિનંતીની તારીખથી ઓછામાં ઓછા 10 કાર્યકારી દિવસ અને ફોરક્લોઝર મહિનાના 3જા થી 24મા દિવસની વચ્ચે સ્વીકારવામાં આવશે

11 ફરિયાદ નિવારણ

- જો ગ્રાહક ફરિયાદ કરવા માંગે છે, તો તેમને યોગ્ય રીતે સલાહ આપવામાં આવશે કે સંબંધિત શાખામાં ફરિયાદ દાખલ કરી અથવા અમને https://www.sammaancapital.com/grievance-form પર લખી શકે છે. અમારા સ્ટાફ ગ્રાહકને કોઈપણ પ્રશ્નો હશે તો તેમની મદદ કરશે.
- જો ગ્રાહક હજુ પણ સંતુષ્ટ નથી, તો કંપની દ્વારા નિયુક્ત/ગઠિત ઉચ્ચ ઑથોરિટી/સમિતિ દ્વારા આ બાબતની તપાસ કરવામાં આવશે.
- જ્યાં ગ્રાહક પાસેથી લેખિતમાં ફરિયાદ પ્રાપ્ત થાય છે, ત્યાં અમે તેમને એક અઠવાડિયાની અંદર સ્વીકૃતિ/પ્રતિસાદ મોકલવાનો પ્રયત્ન કરીશું. જો ફરિયાદ ફોન પર કંપનીનાં નિયુક્ત ટેલિફોન-હેલ્પડેસ્ક અથવા ગ્રાહક સેવા નંબર પર નોંધાવવામાં આવે છે, તો ગ્રાહકને ફરિયાદ રેફરન્સ નંબર આપવામાં આવશે અને વાજબી અવધિમાં ફરિયાદની પ્રગતિની જાણ કરવામાં આવશે.
- આ બાબતની તપાસ કર્યા પછી, કંપની ગ્રાહકને તેનો અંતિમ પ્રતિસાદ મોકલશે અથવા સમજાવશે કે શા માટે પ્રતિસાદ આપવા માટે વધુ સમયની જરૂર છે અને ફરિયાદ પ્રાપ્ત થયાના 30 (ત્રીસ) કાર્યકારી દિવસમાં આમ કરવાનો પ્રયત્ન કરશે અને જો તે/તેણી હજી પણ સંતુષ્ટ ન હોય તો તેમની ફરિયાદ કેવી રીતે આગળ લઈ જવી તે વિશે તેમને જાણ કરવી જોઈએ.

ફરિયાદોના નિરાકરણ માટે એસ્કેલેશન મેટ્રિક્સ

પ્રથમ લેવલ	*જો ગ્રાહકની પાસે કોઈ વિનંતી, પ્રશ્ન અને પ્રતિસાદ હોય, તો તેઓ વારંવાર પૂછાતા પ્રશ્નોનો સંદર્ભ લઈ શકે છે. જો તેમની પાસે કોઈ ફરિયાદ હોય, તો તેઓ અમને નીચે આપેલ લિંક પર લખી શકે છે-* **વારંવાર પૂછાતા પ્રશ્નો** - https://www.sammaancapital.com/faq **અમને લખો** - https://www.sammaancapital.com/feedback-query-form **અમને કૉલ કરો** - કસ્ટમર હેલ્પલાઇન નંબર - 1800-572-7777 (ટોલ ફ્રી) **અમારી મુલાકાત લો** - https://www.sammaancapital.com/locate-us **અમને પોસ્ટ લખો:** હેડ કસ્ટમર કેર, સમ્માન કેપિટલ લિમિટેડ (અગાઉ ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી), 5th ફ્લોર, બિલ્ડિંગ નં. 27, કેજી માર્ગ, કનૉટ પ્લેસ, નવી દિલ્હી - 110001 ફોન – 0124 – 6048160 ***જો ગ્રાહકને 7 દિવસમાં કોઈ પ્રતિસાદ મળતો નથી અથવા પ્રતિસાદથી સંતુષ્ટ નથી, તો તેઓ આગામી લેવલ પર સંપર્ક કરી શકે છે***
બીજું લેવલ	*જો ગ્રાહકની સમસ્યાનું સમાધાન લેવલ 1 પર કરવામાં આવ્યું નથી અથવા સંતોષકારક પ્રતિસાદ પ્રાપ્ત થયો નથી, તો ગ્રાહક નીચે આપેલ લિંક દ્વારા SCL ફરિયાદ નિવારણનો સંપર્ક કરી શકે છે* **અમને લખો - https://www.sammaancapital.com/grievance-form** **અમને કૉલ કરો ફરિયાદ હેલ્પલાઇન નંબર 022-61891043** **અમારી મુલાકાત લો - https://www.sammaancapital.com/locate-us** **અમને પોસ્ટ લખો:** સમ્માન કેપિટલ લિમિટેડ (અગાઉ ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી), ફરિયાદ નિવારણ, 5th ફ્લોર, બિલ્ડિંગ નં. 27, કેજી માર્ગ, કનૉટ પ્લેસ, નવી દિલ્હી – 110001 ***જો ગ્રાહકને 7 દિવસમાં કોઈ પ્રતિસાદ મળતો નથી અથવા પ્રતિસાદથી સંતુષ્ટ નથી, તો તેઓ આગામી લેવલ પર સંપર્ક કરી શકે છે***

ત્રીજું લેવલ	*જો ગ્રાહકની સમસ્યાનું સમાધાન લેવલ 2 પર કરવામાં આવ્યું નથી અથવા સંતોષકારક પ્રતિસાદ પ્રાપ્ત થયો નથી, તો ગ્રાહક નીચે જણાવેલ ઍડ્રેસ પર SCL નોડલ ઑફિસરને ફરિયાદ લખી શકે છે-* **અમને લખો** શ્રી અમિત કુમાર, ડેપ્યુટી જનરલ મેનેજર, નોડલ ઑફિસર, ફરિયાદ નિવારણ, સમ્માન કેપિટલ લિમિટેડ (અગાઉ ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી), ફરિયાદ નિવારણ, 5th ફ્લોર, બિલ્ડિંગ નં. 27, કેજી માર્ગ, કનૉટ પ્લેસ, નવી દિલ્હી - 110001 ફોન: 0124-6048088 ***જો ગ્રાહકને 7 દિવસમાં કોઈ પ્રતિસાદ મળ્યો નથી અથવા તેઓ પ્રતિસાદથી સંતુષ્ટ નથી, તો તેઓ આગળના લેવલ પર સંપર્ક કરી શકે છે***
ચોથું લેવલ	જો ફરિયાદનું 30 કાર્યકારી દિવસમાં સંતોષકારક રીતે નિવારણ ન કરવામાં આવે, તો ગ્રાહક સીધા RBI ને લખીને જણાવી શકે છે અથવા નીચે આપેલ લિંક પર RBI ની વેબસાઇટ પર ઉપલબ્ધ CMS (ફરિયાદ મેનેજમેન્ટ સિસ્ટમ) પોર્ટલ સુવિધા પર તેની ફરિયાદ અપલોડ કરી શકે છે: https://cms.rbi.org.in ગ્રાહક નીચે જણાવેલ ઍડ્રેસ પર ફિઝિકલ લેટર અને પોસ્ટ લેટર દ્વારા પણ લખી શકે છે- પ્રતિ, કેન્દ્રિયકૃત રસીદ અને પ્રક્રિયા કેન્દ્ર (CRPC), રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, સેન્ટ્રલ વિસ્ટા, સેક્ટર 17, ચંદીગઢ - 160017